

**આઠ દાયકાની આઝાદી બાદ પણ લાડવા અને મોજરા ગામ વચ્ચે તરાવ નદી પર પુલ ન બનતાં ૭ ગામના લોકોની જિંદગી ગુલામી જેવી**

## શ્રમદાનના જોરે ટકતું જનજીવન

**અહીં વિકાસનું પૂર્ણવિરામ**



**૧૭ વર્ષથી** ગ્રામજનો આપબળે જ કાચો પુલ બનાવવા મજબૂર

**દર** વર્ષે નદીમાં પૂર આવતાં સસ્તા અનાજની દુકાને પહોંચવું પણ મુશ્કેલ

**તંત્ર** સમક્ષ રજૂઆતોનું પરિણામ શૂન્ય

ડેડિયાપાડાઃ દેશની આઝાદીના વર્ષો બાદ પણ વરવી વાસ્તવિકતા એ છે કે, ડેડિયાપાડા તાલુકાના અંતરિયાળ વિસ્તારનાં 7 ગામડાંમાં જવા માટે નદી પર હજુ પુલનાં દર્શન થયાં નથી. આ ગામોમાં આજેપણ કોઈ મહિલાને પ્રસૂતિની પીડા ઉપડે તો રોડના અભાવે 108 એમ્બ્યુલન્સ પણ આવી શકતી નથી. આથી ઝોળીમાં નાંખીને લઈ જવું પડે છે. રાજપીપળા/વડોદરા લઈ જવા માટે ફેરાવો ફરવો પડે છે, જેમાં દર્દીઓને ભારે પીડા લઈને અને લાંબા અંતરે લઈ જતા રસ્તામાં મોતના મુખમાં ધકેલાઈ જતા હોય છે. તંત્રએ ધ્યાન ન આપતાં સ્થાનિકોએ "અપને હાથ જગન્નાથ"ની જેમ જાતે લાડવા ગામના લોકોએ શ્રમદાન કરી તરાવ નદી પર જવા-આવવા માટે કાચો પુલ બનાવ્યો છે.

ડેડિયાપાડા તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં આવેલા લાડવા, મોજરા, ફૂલસર, કંજાલ, બેબાર, દૂથર અને ગઢ જેવા ગામોની વચ્ચેથી તરાવ નદી પસાર થાય છે. દેશની આઝાદીને આશરે આઠ દાયકા થવા છતાં આ વિસ્તારની પાયાની સમસ્યાઓ આજે પણ ઠેરની ઠેર છે. ચોમાસું હોય કે શિયાળો, તરાવ નદી પર પુલના અભાવે આ ગામના લોકોએ ભારે હાલાકી ભોગવવી પડે છે. આ વિસ્તારમાં જ્ઞાન આપવા આવતા પ્રાથમિક શિક્ષકો શરૂઆતમાં ભલે જોડાય, પરંતુ ગામમાં પહોંચવાની દુર્દશા જોઈને તેઓ બદલી કરાવીને જતા રહે છે. પરિણામે, પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની અછતનો પ્રશ્ન વર્ષોથી વણઉકેલ્યો રહ્યો છે, જેની સીધી અસર આદિવાસી સમાજનાં માસૂમ બાળકોના શિક્ષણ પર પડી રહી છે. ઉચ્ચ અભ્યાસ માટે પણ આ નદી ગ્રામજનો અને વિદ્યાર્થીઓ માટે મોટો અવરોધ બની છે. આઝાદીના દાયકાઓ બાદની વરવી વાસ્તવિકતા એ છે કે, આ સમસ્યાઓને કારણે લાડવા સહિતના અસરગ્રસ્ત ગામોમાંથી હજુ સુધી એકપણ યુવાન સરકારી કચેરીમાં પટાવાળા તરીકેની નોકરી પણ મેળવી શક્યો નથી.

લાડવા ગામના એક નાગરિકે પોતાની વેદના ઠાલવતા જણાવ્યું કે, તેમનું ગામ આજે પણ તમામ સરકારી સુવિધાઓથી વંચિત છે. ગાજરગોતા ગામે આવેલી સસ્તા અનાજની દુકાને જવા માટે જ્યારે ચોમાસામાં તરાવ નદીમાં ઘોડાપૂર આવે, ત્યારે સરકારનું મફત અનાજ લેવા જવામાં પણ ફાંફાં પડે છે.

### અનેકવાર રજૂઆત કરી છેઃ દીવાનજીભાઈ વસાવા

આ બાબતે કાબરીપઠાર ગ્રુપ ગ્રામ પંચાયતના સેવાભાવી સરપંચ દીવાનજીભાઈ વસાવાએ જણાવ્યું હતું કે, નદી પર પુલ ન હોવાને કારણે દર વર્ષે લોકોને ભારે અગવડ પડે છે. આથી જ, છેલ્લા ૧૭ વર્ષથી લાડવા ગામના ભાઈ-બહેનો શ્રમદાન કરીને, પાણી ઓછું થયા બાદ અવરજવર માટે કામચલાઉ કાચો પુલ બનાવે છે. જો સરકાર દ્વારા અહીં પાકો પુલ બનાવવામાં આવે તો જનતાને કાયમી રાહત મળી શકે તેમ છે. આ પ્રશ્ને સરપંચ દ્વારા તાલુકા, જિલ્લા તેમજ સાંસદ અને ધારાસભ્યને અનેકવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી છે, પરંતુ તંત્રના પેટનું પાણી હજુ હલતું નથી.

## વંઝોળિયામાં ગરીબ પરિવાર પર ૨૪ કલાક તોળાતું મોતનું જોખમ



ઈલ્યાસ શેખ

**ઘર** પરથી પસાર થતી જોખમી વીજ લાઇન દૂર નહીં થતાં પરિવાર ચિંતિત

પલસાણાઃ પલસાણાના વંઝોળિયા ગામે હાઈટેન્શન વીજ લાઈનના કારણે એક પરિવાર પર સતત મોતનું જોખમ તોળાઈ રહ્યું છે. ગામના સ્મશાન જતાં રોડ પર આવેલા ઉકરડા ફળિયામાં સૂખાભાઈ અમથાભાઈ હળપતિનું મકાન આવેલું છે, જેની બરાબર ઉપરથી અને બે ઘટાદાર વૃક્ષોની વચ્ચેથી પસાર થતી હાઈટેન્શન લાઈન ગંભીર અકસ્માતને આમંત્રણ આપી રહી છે. આ લાઈન ઘરની એટલી નજીક છે કે સામાન્ય પવન કે વરસાદ જેવી કુદરતી આફત સમયે જો વીજતાર તૂટી પડે તો આખા પરિવારનો ભોગ લેવાય તેવી ભીતિ સેવાઈ રહી છે.

સ્થાનિક પરિવાર અને ગ્રામજનો દ્વારા આ જોખમી પરિસ્થિતિ અંગે દક્ષિણ ગુજરાત વીજ કંપનીને વારંવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી છે. તેમ છતાં, તંત્રના બહેરા કાને આ વાત પહોંચતી હોય તેમ લાગતું નથી અને અત્યાર સુધી કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. વીજ લાઈનની આસપાસ આવેલાં વૃક્ષો પણ જોખમમાં વધારો કરી રહ્યાં છે. વહીવટી તંત્રની આ ઘોર બેદરકારીને કારણે સૂખાભાઈનો પરિવાર દરરોજ જીવના જોખમ સાથે જીવી રહ્યો છે. ગ્રામજનોમાં પણ ભારે રોષ જોવા મળી રહ્યો છે, કારણ કે આ માર્ગ સ્મશાન તરફ જતો હોવાથી ત્યાં સતત અવરજવર પણ રહે છે. હવે પ્રશ્ન એ ઊભો થાય છે કે શું તંત્ર કોઈ મોટી હોનારતની રાહ જોઈ રહ્યું છે? વંઝોળિયા ગામના રહીશોની એક જ માંગ છે કે કોઈ જાનહાનિ થાય તે પહેલાં આ લાઈનને તાત્કાલિક ખસેડવામાં આવે અથવા સુરક્ષિત કરવામાં આવે.

## સંક્ષિપ્ત સમાચાર

### માંગરોળ બીઆરસી ભવન ખાતે તાલીમ

સુરતઃ માંગરોળ બી.આર.સી. ભવન ખાતે ત્રિદિવસીય આચાર્યની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જીસીઈઆરટી ગાંધીનગર તથા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સુરત પ્રેરિત બી.આર.સી. ભવન માંગરોળ ખાતે માંગરોળ તાલુકાની સરકારી, આશ્રમશાળા અને ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષકો વહીવટી કુશળતા કેળવે એ અંતર્ગતની તાલીમનું આયોજન તા.2 જાન્યુઆરી, તા.3 જાન્યુઆરી અને તા.5 જાન્યુઆરી એમ કુલ ત્રણ દિવસની તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે. આ તાલીમમાં 120 જેટલા મુખ્ય શિક્ષક 6 તજજ્ઞ દ્વારા તાલીમ મેળવી રહ્યા છે.

### ભડકૂવા સરકારી માધ્યમિક શાળામાં ૪૦ વિદ્યાર્થીને ટી-શર્ટનું વિતરણ કરાયું



વિનોદ મૈસુરીયા

વાંકલઃ માંગરોળના ભડકૂવા ગામે આવેલી સરકારી માધ્યમિક શાળામાં દાતાઓ દ્વારા અનોખો સેવાયજ્ઞ યોજાયો હતો. સુરતના દિલિપભાઈ ભાદાણી અને સોલિડ બ્લેક ક્લાસિસ તરફથી શાળાના ૪૦ જેટલા વિદ્યાર્થીઓને નિ:શુલ્ક ટી-શર્ટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ટી-શર્ટ વિતરણની સાથે દાતાઓ દ્વારા વિદ્યાર્થીઓને પૌષ્ટિક ભોજન પણ પીરસવામાં આવ્યું હતું. આ પ્રસંગે દાતાઓએ શાળા પરિવારને ખાતરી આપી હતી કે, ભવિષ્યમાં શાળાને કોઈપણ પ્રકારની ભૌતિક જરૂરિયાત હશે તો તેને પૂરી કરવા તેઓ સદાય તત્પર રહેશે. દાતાઓની આ ઉમદા કામગીરી બદલ ભડકુવા શાળા પરિવારે તેમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

### સોનગઢની યુનિક શાળામાં સાવિત્રીબાઈ ફુલેજીની જન્મજયંતીની ઉજવણી

સોનગઢઃ સાવિત્રીબાઈ ફુલેજીની જન્મજયંતી નિમિત્તે યુનિક વિદ્યા ભવન ખાતે પુષ્પાંજલિ અર્પણ કરાઈ હતી. આ કાર્યક્રમમાં સોનગઢ નગરપાલિકાનાં પ્રમુખ સારિકાબેન પાટીલ સહિત પાલિકાના કોપરેટરો અને વિવિધ સંસ્થાના લોકો તેમજ શાળાનાં બાળકો અને ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

### વરેલીમાં ૨૦ વર્ષીય યુવકે ફાંસો ખાધો

પલસાણાઃ સુરત જિલ્લાના પલસાણાના વરેલી ગામે ૨૦ વર્ષીય પરપ્રાંતિય યુવકે અગમ્ય કારણોસર પોતાના રૂમમાં ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. મળતી માહિતી મુજબ, મૂળ ઉત્તર પ્રદેશના ચિત્રકુટ જિલ્લાના વતની અને હાલ પલસાણાના વરેલી સ્થિત દત્તકૃપા સોસાયટી (ભાર્ગવભાઈની બિલ્ડિંગ) ના રૂમ નં.૧૨૩ માં રહેતા જીતેન્દ્રકુમાર મુન્નાલાલ બદ્રીલાલ ખટીક (ઉં.વ.૨૦) એ ગુરુવારે સવારે પોતાના રૂમના પંખાની હૂક સાથે દોરી બાંધી, ખુરશી પર ચઢીને ફાંસો ખાઈ લીધો હતો. કડોદરા GIDC પોલીસે આ બાબતે અ.મોતની નોંધ કરી છે. યુવકે ક્યાં કારણોસર આત્મહત્યા કરી તેનું કારણ હજી અકબંધ છે.

### તપોવન વિદ્યાલયમાં વાર્ષિક મહોત્સવ



કિરણ ઢોડિયા

કીમઃ કીમની તપોવન વિદ્યાધામ શાળામાં વાર્ષિક મહોત્સવ ઉજવાયો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે રાકેશભાઈ પટેલ (પ્રમુખ, સાયણ સુગર), ડો.ઇન્તબાલ અન્સારી (આચાર્ય, બી.એડ. કોલેજ, ખરોડ), ભાવિનભાઈ પટેલ (પ્રમુખ, ઓલપાડ-સાયણ-કીમ માન. નાગરિક મંડળી), તેમજ દીપકભાઈ શાહ (શાળાના ટ્રસ્ટી) અને કરશનભાઈ ઢોડિયા (જી.પં. સભ્ય) ઉપસ્થિત રહ્યા હતા. શાળાના બાલભવનથી ધોરણ-૧૨ સુધીના વિદ્યાર્થીઓએ સનાતન પરંપરાને ઉજાગર કરતી સંસ્કૃતિક કૃતિઓ, નાટકો તથા વિવિધ રજૂઆતો દ્વારા દર્શકોને મંત્રમુગ્ધ કર્યા હતા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન શૈક્ષણિક સિદ્ધિ સાથે સંસ્કૃતિના સંસ્કારનું સુંદર સંમિશ્રણ જોવા મળ્યું હતું.

## દોઢ માસ પહેલાં બોલાચાલીની અદાવતમાં યુવક ઉપર હુમલો

**પલસાણામાં** સોનુ પંડિતે ત્રણ સાગરીત સાથે મળી યુવાનને ઢીકમુક્કીનો માર માર્યો

પલસાણાઃ પલસાણા ગામમાં જૂની અદાવતને રાખી એક યુવક પર જીવલેણ હુમલો થયો હોવાની ઘટના સામે આવી છે. મિત્રના જન્મદિનની ઉજવણી કરી પરત ફરી રહેલા યુવકને આંતરીને સોનુ પંડિત નામના શખ્સે તેના ત્રણ સાગરીત સાથે મળી ઢીકમુક્કીનો માર માર્યો હતો અને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.

સુરતના સચિન ખાતે આવેલા રાજ અભિષેક સિટી હોમ્સમાં રહેતો સોનુ ઉર્ફે હથોડા રાકેશભાઈ રાજપૂત ગત તા.૨૮/૧૨/૨૦૨૫ના રોજ તેના મિત્ર ફૈઝાનના જન્મદિનની ઉજવણી કરવા પલસાણા આવ્યો હતો. રાત્રિના દસેક વાગ્યાના સુમારે જ્યારે તે મિત્ર સાથે પરત ફરી રહ્યો હતો, ત્યારે કેસરીનંદન પેટ્રોલ પંપ પાસે આવેલી સાવરીયા ચાની લારી નજીક આરોપી સોનુ પંડિત (રહે.,પલસાણા) અને તેના ત્રણ અજાણ્યા મિત્રોએ તેને અટકાવ્યો હતો. દોઢ વર્ષ પહેલાં થયેલી બોલાચાલીની અદાવત રાખી આરોપીઓએ જાહેરમાં બીભત્સ ગાળો આપી ઝપાઝપી શરૂ કરી હતી. ઉશ્કેરાયેલા સોનુ પંડિત અને તેના સાગરીતોએ ફરિયાદીને નીચે પાડી દઈ ઢીકમુક્કીનો ગંભીર માર માર્યો હતો. એટલું જ નહીં, ચાની લારી પાસે પડેલું ટેબલ ઊંચકીને ફરિયાદીના ડાબા પગના જાંઘના ભાગે ફટકારી મૂઢ માર માર્યો હતો. વચ્ચે બચાવવા પડેલા મિત્ર ફૈઝલ સાથે પણ આરોપીઓએ મારપીટ કરી હતી. હુમલા બાદ આરોપીઓ જો બીજીવાર પલસાણા આવ્યો તો જાનથી મારી નાંખીશું તેવી ધમકી આપી ફરાર થઈ ગયા હતા. ઈજાગ્રસ્ત યુવકને તાત્કાલિક ૧૦૮ મારફતે પલસાણા સરકારી હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે સચિનની સંજીવની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પલસાણા પોલીસે સોનું પંડિત અને ત્રણ અજાણ્યા સહિત ચાર સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## રોડ ક્રોસ કરતી મહિલા અને બાળકીને અકસ્માત

**માલોઠા** પાસે બનેલી ઘટના, બાળકી મહિલાના હાથમાંથી ફેંકાઈ ગઈ

વ્યારાઃ વ્યારાથી ઉનાઈ તરફ જતાં નેશનલ હાઈવે નં.56 પર માલોઠામાં રોડ ક્રોસ કરતી વખતે બાઈક ચાલકે ટક્કર મારતાં મહિલા ઈજાગ્રસ્ત થઈ હતી.

સુબીરના ગીરમારના નીચલા ફળિયામાં રહેતી 36 વર્ષીય મહિલા વસંતીબેન દેવ્યાભાઈ બિસરા મજૂરીકામ કરે છે. જેઓ ગત તા.31-12-2025ના રોજ કપુરા ગામે શેરડી કાપણી માટે ગયાં હતાં. જ્યાંથી સાંજે 6 વાગ્યાના અરસામાં પોતાના પડાવ પર જવા નીકળ્યાં હતાં. દરમિયાન માલોઠા ગામની સીમમાં રોડ ઉપર ચાલતાં જતાં હતાં ત્યારે રોડ મોટરસાઈકલ નં.(GJ-26-AD-7588)ના ચાલકે બાઈકને પૂરઝડપે હંકારી લાવી 4 વર્ષની બાળકી યશ્વી સાથે રોડ ક્રોશ કરતી મહિલાને ટક્કર મારતાં બાળકી મહિલાનાં હાથમાંથી દૂર ફેંકાઈ ગઈ હતી. જેના નાકમાંથી સામાન્ય લોહી નીકળ્યું હતું. તો વસંતીબેનને ગંભીર ઈજા થતાં તાત્કાલિક વ્યારા રેફરલ હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાઈ હતી. જ્યાંથી વધુ સારવાર માટે બારડોલી સરદાર હોસ્પિટલમાં ઈજાગ્રસ્ત મહિલાને સારવાર માટે દાખલ કરવામાં આવી છે. જ્યાં હાલ મહિલાની સારવાર ચાલી રહી હોવાનું જાણવા મળ્યું હતું. આ મામલે વ્યારા પોલીસે ગુનો નોંધી તપાસ આદરી છે.

## ઉચ્છલમાં ફૂડ એન્ડ ડ્રગ વિભાગ દ્વારા આકસ્મિક તપાસ હાથ ધરાઈ

વ્યારાઃ ઉચ્છલમાં ફૂડ એન્ડ ડ્રગ વિભાગ દ્વારા આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર તાપી જિલ્લાના ઉચ્છલ તાલુકામાં ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા કડક તપાસ હાથ ધરાઈ હતી. ફૂડ સેફ્ટી ઓફિસર એસ.આર.પટેલ અને વી.કે.હેજમ દ્વારા આકસ્મિક તપાસ હાથ ધરી હતી. જે દરમિયાન ગોળ બનાવવાની પ્રક્રિયામાં ઉપયોગમાં લેવામાં આવતા પદાર્થોનું ઝીણવટપૂર્વક નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. જેમાં ફૂડ એડિટિવ્સ તરીકે ઉપયોગમાં લેવાતા ફોસ્ફોરીક એસિડ અને ગ્લીસરોલ મોનોસ્ટિએરેટનો જથ્થો મળી આવ્યો હતો. જો કે, આ તમામ પદાર્થો કંપની પેકિંગમાં હતા અને તેના લેબલ પર ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટના રેગ્યુલેશન મુજબની હતી. સેફ્ટી ઓફિસરો દ્વારા તપાસ દરમિયાન કુલ 12 ગોળના નમૂના લેવાયા હતા. જો કે, સ્થળ તપાસ દરમિયાન કોઈપણ પ્રકારની અખાદ્ય ચીજવસ્તુઓ મળી આવી નહોતી અને જે ખાદ્ય સુરક્ષાનાં ધોરણો પ્રત્યે સંતોષકારક બાબત હોવાનું ડેઝિગ્નેટેડ ઓફિસર ખોરાક અને ઔષધ નિયમન તંત્ર તાપી દ્વારા જણાવવામાં આવ્યું હતું.

## પાવરગ્રીડના વીજતાર ચોરી કરનાર ઝડપાયા

**ઘલુડા**-ભૂતપોરમાં ચોરી કરી હતી, બેની ધરપકડ

પલસાણાઃ પલસાણામાં પાવરગ્રીડની વીજલાઈનના વીજતારોની ચોરી કરનાર ઝડપાયા હતા. ગત તા.૨૧/૧૨/૨૦૨૫ના રોજ ઘલુડા-ભૂતપોરમાં આવેલા ૭૬૫ કે.વી. ટ્રાન્સમિશન લાઈન ટાવરમાંથી આશરે ૬૯૬૦ કિલોગ્રામ વીજતાર, જેની કિંમત આશરે રૂ.૯,૬૨,૮૦૦ થાય છે, તેની અજાણ્યા તસ્કરોએ ચોરી કરી હતી. આ ઘટના સંદર્ભે પલસાણા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. આ ગુનાની તપાસ કરી રહેલ પલસાણા પી.આઈ. બી.ડી.ઝીલરીયા અને તેમની ટીમે તપાસ તેજ કરી હતી. પોલીસે તપાસ દરમિયાન આશરે ૧૦૦ જેટલા સીસીટીવી કેમેરા ચેક કર્યા હતા, જેમાં એક શંકાસ્પદ આઈસર ગાડી નં.(GJ-18-BT-5195) મળી આવી હતી. ઈ-ગુજકોપ એપ્લિકેશનની મદદથી તપાસ કરતાં આ ગાડીના માલિક જિતેન્દ્રકુમાર ચેલાજી રાણા (ઉં.વ.46) (રહે.,જય મારજ સોસાયટી, નડિયાદ, મૂળ રહે.,આબુ રોડ, સીરોહી, રાજસ્થાન) હોવાનું બહાર આવ્યું હતું. તેની પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે, ચોરીનો મુદ્દામાલ અમદાવાદના શાહીબાગ ખાતે રહેતા પવનકુમાર બાપુલાલ તોતલા (મૂળ રહે.,રાજસમંદ, રાજસ્થાન)ને આપવામાં આવ્યો હતો. પોલીસે બંને આરોપીની ધરપકડ કરી તેમની પાસેથી ચોરીના વીજતાર ઓગાળીને બનાવેલી ૪૭૬૫ કિલોગ્રામ વજનની પ્લેટો કિં.રૂ.૮,૫૩,૦૦૦ અને ગુનામાં વપરાયેલી આઈસર ગાડી કિં.રૂ.૫,૫૦,૦૦૦ કબજે કરી છે. પોલીસે બંને આરોપી સામે કાર્યવાહી હાથ ધરી છે.

## 'નશો કરી વાહન ચલાવશો નહીં': ટ્રક ચાલકોને કડક સૂચના

**શિયાલજ** પાસે હોટલ વિજય પેલેસ ખાતે વાહનચાલકોને ટ્રાફિક નિયમોનું માર્ગદર્શન અપાયું



ઈબ્રાહીમ કાનુ

હથોડાઃ સુરત જિલ્લાના કોસંબા પોલીસ સ્ટેશનની હદમાંથી પસાર થતા ને.હા.નં.48 પર છેલ્લા કેટલાક સમયથી અકસ્માતોનું પ્રમાણ વધ્યું છે. જેને ધ્યાનમાં રાખીને સુરત જિલ્લા ટ્રાફિક પોલીસે શનિવારે કોસંબા નજીક શિયાલજ પાસે આવેલી હોટલ વિજય પેલેસના કમ્પાઉન્ડમાં એક જનજાગૃતિ કાર્યક્રમ યોજ્યો હતો. પોલીસે હાઈવે પરથી પસાર થતા વાહનચાલકોને અટકાવી તેમને એક જગ્યાએ બોલાવ્યા હતા અને ટ્રાફિકના નિયમો અંગે વિગતવાર સમજ આપી હતી.

સુરત જિલ્લા ટ્રાફિક પોલીસના કર્મચારીઓ બાબરભાઈ, વિપુલભાઈ અને સુનીલભાઈએ વાહનચાલકોને સીટબેલ્ટ બાંધવા, ટ્રાફિક સિગ્નલનું પાલન કરવા, નિયત ગતિ મર્યાદા જાળવવા અને સલામત રીતે ઓવરટેક કરવા બાબતે માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત હાઈવેની બાજુમાં આડેધડ વાહનો પાર્ક ન કરવા અને નશો કરી વાહન ન ચલાવવા ભાર મૂક્યો હતો.

## તાતીથૈયામાં યુવાને ફાંસો ખાધો

પલસાણાઃ તાતીથૈયામાં સોમનાથ રેસિડેન્સીમાં એક ૨૧ વર્ષીય પરપ્રાંતિય યુવાને અગમ્ય કારણોસર ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં ચકચાર મચી ગઈ છે. કડોદરા GIDC પોલીસે આ મામલે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર તાતીથૈયા ગામના સોનીપાર્ક-૨માં આવેલી સોમનાથ રેસિડેન્સીના રૂમ નં.૧૦૮માં રહેતા અમિતકુમાર રવીન્દ્રકુમાર ચમાર (ઉં.વ. ૨૧)એ શુક્રવાર, તા.૨/૧/૨૦૨૬ના રોજ સવારે ૯ વાગ્યા પહેલાં કોઈપણ સમયે આ અંતિમ પગલું ભર્યું હતું. મૂળ ઉત્તર પ્રદેશના ઓરૈયા જિલ્લાના રહેવાસી અને અહીં મજૂરીકામ કરી ગુજરાન ચલાવતા અમિતે પોતાના રૂમનો દરવાજો અંદરથી બંધ કરી અગમ્ય કારણોસર ફાંસો ખાઈ લીધો હતો. આ અંગે મૃતકના પિતા રવીન્દ્રકુમાર પુતઈ ચમારે કડોદરા GIDC પોલીસને જાણ કરતાં પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.


Milano MULTIPLEX

બારડોલી

Ikkis
10:00am, 01:00pm, 04:00pm, 07:00pm, 10:00pm

Bicharo Bachelor-Gujarati
06:30pm

Avatar: Fire And Ash
10:30am, 09:30pm

Dhurandhar
12:00pm, 02:30pm, 05:00pm, 09:00pm

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક: 98791 33333



**ધી માંડવી નાગરીક સહકારી બેંક લી.**

મેઈન રોડ, માંડવી, જી. સુરત, -૩૯૪ ૧૬૦, ફોનઃ (૦૨૬૨૩) ૨૨૧૦૫૪ /૨૨૨૦૫૪

**-:: જાહેર નોટીસ ::-**

**મોકુફ રાખેલ ચૂંટણી પ્રક્રિયા પુનઃ શરૂ કરવા બાબત**

આથી ધી માંડવી નાગરિક સહકારી બેંક લિ., માંડવી, જી. સુરતનાં તમામ સભાસદો / ઉમેદવારોને આથી જાહેર નોટીશથી જણાવવામાં આવે છે કે, બેંકની સને-૨૦૨૫ ની બોર્ડ ઓફ ડીરેક્ટર્સની ચૂંટણીમાં ચૂંટણી કાર્યક્રમ અંગે તા. ૦૬/૧૨/૨૦૨૫ નાં રોજ આપેલ જાહેર નોટીશ મુજબ આગળની ચૂંટણી પ્રક્રિયા મોકુફ રાખવામાં આવેલ તે અંતર્ગત બાકી રહેતી ચૂંટણી પ્રક્રિયા એટલે કે મતદાન તા. ૧૧/૦૧/૨૦૨૬ (રવિવાર) તથા મતગણતરી ૧૨/૦૧/૨૦૨૬ (સોમવાર) નાં રોજ થનાર છે જેની તમામ સભાસદો તથા ઉમેદવારોએ નોંધ લેવી.

તા. ૦૩/૦૧/૨૦૨૬
સ્થળ : માંડવી, જી. સુરત

આશુતોષ બી. ઉપાધ્યાય
ચૂંટણી અધિકારી



**જાહેર નોટીસ - વી.કે.પીપળીયા, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજની કોર્ટમાં**

નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૧૯૩/૨૦૨૫

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજ પ્રાંત કચેરી, તા.કામરેજ,જી.સુરત, તા.૦૩/૦૧/૨૦૨૬

વાદી: ધાર્મિકકુમાર નરેશભાઈ માકડીયા, રહે. ડી-૧૮, નવસર્જન સોસાયટી, મોજે.નવાગામ, તા.કામરેજ, જી.સુરત

વિરૂધ્ધ

સામાવાળા : જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રાર અને ત.ક.મંત્રીશ્રી કામરેજ કામરેજ ગ્રામ પંચાયત, તા.કામરેજ, જી.સુરત

વિષય : જન્મ-મરણ અધિનિયમની કલમ-૧૩(3) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં વાદીશ્રી ધાર્મિકકુમાર નરેશભાઈ માકડીયાનો જન્મ તા.16/08/1992 ના રોજ કામરેજ, તા.કામરેજ, જી.સુરત ખાતે થયેલ છે અને તેઓના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં યા તો મુદત તા. ૫/૨/૨૦૨૬ ના રોજ વાંધો રજુ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૩/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (વી.કે.પીપળીયા)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ કામરેજ પ્રાંત, કામરેજ